**વિચરતી અને વિમુક્ત જાતિના મેડીકલ ડીગ્રી (એમ.બી.બી.એસ., બી.એસ.એ.એમ., બી.એ.એમ.એસ. અને બી.ડી.એસ.(ડેન્ટલ) મેળવેલ ડોકટરોને સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા તથા વિચરતી અને વિમુક્ત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે લોન-સહાયની યોજના.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા.૨૬/ગ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ :- -૬-૧૯૯૯
23 JUN 1999

વંચાણે લીધા :-

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮-૭-૮૦ નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૧૮૦/૧૦૨/ જ

(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮-૭-૮૦ નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૧૭૯/૪૬૬૧૭/ ખ,

(૩) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૯-૩-૯૯ નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪/ જ,

(૪) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૯-૩-૮૯ ની ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪/જ

(૫) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા.૩૦/ગ

ઠરાવ :-

વિચરતી અને વિમુક્ત જાતિના તબીબી ડીગ્રી (એમ.બી.બી.એસ., બી.એસ.એ.એમ., બી.એ.એમ.એસ.(આયુર્વેદ) અને બી.ડી.એસ.(ડેન્ટલ) મેળવેલ વિદ્યાર્થીઓને ડોકટરનો સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે આ વિભાગના તા.૨૯-૩-૮૯ ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪/જ મા જણાવ્યા

-૨-

પ્રમાણે રૂ.૨૫,૦૦૦/- સહાય અને રૂ. ૨૫૦૦૦/-વ્યાજ મુક્ત લોન આપવામાં આવે છે તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના કાયદાના સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય કરવા માટે રૂ.૫૦૦૦/- સહાય અને રૂ. ૫૦૦૦/- વ્યાજ મુક્ત લોન આપવામાં આવે છે. વિચરતી અને વિમુક્ત જાતિના તબીબી સ્નાતકો તથા કાયદાના સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે હાલ આપવામાં આવતી નાંણાકીય સહાયમાં; અનુ.જાતિના કાયદાના તથા તબીબી સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે આપવામાં આવતી લોન-સહાય જેટલો વધારો કરવાની બાબત તથા લાભાર્થીની આવક મર્યાદા માં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રીએ વિચરતી અને વિમુક્ત જાતિના તબીબી સ્નાતકો તથા કાયદાના સ્નાતકો ને નીચે જણાવ્યા પ્રમાણે લોન-સહાય આપવાનું ઠરાવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | તબીબી સ્નાતકો | રૂ. ૨૫,૦૦૦/-સહાય, યથાવત<br>રૂ. ૪૦,૦૦૦/-લોન ૪% વાર્ષિક વ્યાજના દરે |
| (૨) | કાયદાના સ્નાતકો | રૂ. ૫૦૦૦/-સહાય યથાવત<br>રૂ. ૭,૦૦૦/-લોન ૪% વાર્ષિક વ્યાજના દરે |

આ સુધારેલ લોન-સહાયના દર ૧૯૯૯-૨૦૦૦ ના નાંણાકીય વર્ષથી લાગુ પાડવામાં રહેશે.

આ યોજનાની શરતો અને નિયમો આગાઉના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે યથાવત રહેશે પરંતુ હાલની વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- ની આવક મર્યાદામાં વધારો કરીને આ યોજનાનો લાભ અરજદાર કે અરજદારના મા-બાપ/વાલી સહિત કુંટુંબના તમામ સાધનોની કુલ વાર્ષિક આવક રૂ. ૨૪૦૦૦/- કરતાં વધુ ન હોય તેવી વ્યક્તિઓને આપવામાં આવશે તેમ પણ ઠરાવવામાં આવે છે.

આ યોજના માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ લોન માટેની રૂ. ૦.૨૫ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ ચેનો ખર્ચ નીચે જણાવેલ સદરો હેઠળ થયેલ જોગવાઈ માંથી મેળવવાનો રહેશે.

૧) સહાય માટે

૨૨૨૫, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૨૦૧ વિચરતી અને વિમુક્ત જાતિઓનું કલ્યાણ-૮૦, સામાન્ય બીઝીકે-૨૯ વિચરતી અને વિમુક્ત જાતિના કાયદા અને તબીબી સ્નાતકોને નાણાકીય સહાય

૨) લોન માટે

૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૧૦૧ વિચરતી અને વિમુક્ત જાતિ કલ્યાણ ૮૦૦, અન્ય ખર્ચ બીઝીકે-૨૯ વિચરતી અને વિમુક્ત જાતિના કાયદા અને તબીબી સ્નાતકોને લોન સહાય.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગના તા. ૪-૬-૯૯ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.પ્રજાપતિ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને
અધિકારીતા વિભાગ,

પ્રતિ,
મંત્રીશ્રી (સા.ન્યાય અને અધિ.)ના અંગત સચિવશ્રી,
મંત્રીશ્રી(રા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટસ ઓફિસર ગાંધીનગર.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા)
નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
અ, અ૧, તથા બ શાખા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પસંદગી ફાઈલ.